# ધોરણ - 3 ગુજરાતી

<table>
<tr><th>અધ્યયન નિષ્પત્તિઓ</th><th>શીખવા શીખવવાની પ્રક્રિયા</th></tr>
<tr><td>G301 શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે.<br>• શબ્દો વચ્ચેની જરૂરી જગ્યા પારખી શકે છે.<br>• વાક્યોમાં વપરાયેલાં વિરામચિહ્નોને પારખી શકે છે. શબ્દ તેમજ વાક્યો સાંભળીને લખી શકે છે. શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડીને તથા વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરીને પરિચ્છેદ લખે છે.<br>• શબ્દો અને વક્યો મોટેથી વાંચે છે.<br>પરિચ્છેદ  મોટેથી વાંચે છે.</td>
<td rowspan="4">• બધા વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સામૂહિકરૂપથી કાર્ય કરવાની તકો અને પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવે કે જેથી પોતાની ભાષામાં પોતાની વાત કહેવામાં,  વાતચીત કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા અને તક પ્રાપ્ત થાય.<br>• બાળકો દ્વારા પોતાની ભાષામાં કહેલી વાતોમાં માતૃભાષા અને અન્ય ભાષાઓમાં (જે ભાષાઓ વર્ગખંડમાં ચાલે છે. અથવા જે ભાષાઓ બાળકો બોલે છે.) વારંવાર બોલવાની તકો પ્રાપ્ત થાય. જેનાથી ભાષાઓને જે-તે ધોરણમાં યોગ્ય સ્થાન મળી શકે અને તેમને શબ્દભંડોળ અભિવ્યક્તિઓનો વિકાસ કરવાની તક મળે.<br>• વાચન કોર્નરમાં સ્તર અનુસાર વિવિધ પ્રકારની વિભિન્ન ભાષાઓ (બાળકોની પોતાની ભાષાઓ)માં રોચક સામગ્રી જેવી કે બાળ સાહિત્ય,  બાળપત્રિકાઓ,  પોસ્ટર,  ઓડિયો-વીડિયો સામગ્રી ઉપલબ્ધ હોવી જોઇએ.<br>• વિભિન્ન ભાષાઓ,  કવિતાઓ,  પોસ્ટર વગેરેને ચિત્રો અને સંદર્ભના આધારે સમજવા-સમજાવવાના અવસરો પ્રાપ્ત કરાવવા.<br>• વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને વાચનના વિવિધ આયામોને વર્ગખંડમાં યોગ્ય સ્થાન આપવાના અવસર ઉપલબ્ધ થાય. જેવા કે,  વાર્તામાંથી કોઇ જાણકારી પ્રાપ્ત કરવી,  કોઈ ઘટના અથવા પાત્રના સંબંધમાં તર્ક રજૂ કરવો,  અભિપ્રાય આપવો વગેરે.<br>• પોતાની ભાષાની રચના (નવા શબ્દો/વાક્યો/અભિવ્યક્તિ બનાવવા આપવી) અને તેનો ઉપયોગ કરવાની તક પ્રાપ્ત થાય.<br>• સાંભળેલી,  જોયેલી વાતોને પોતાની ભાષામાં લખવાની તક પ્રાપ્ત થાય.<br>• સંદર્ભ અને હેતુ અનુસાર જરૂરી શબ્દો અને વાક્યોની પસંદગી કરે.<br>પોતાનું કુટુંબ,  શાળા,  શેરી,  રમતનું મેદાન,  ગામની ભાગોળ જેવા વિષયો પર અથવા પોતે વિષયની પસંદગી કરી અનુભવોને લખીને એકબીજા વચ્ચે વહેંચવાની તક પ્રાપ્ત થાય.<br>એકબીજા દ્વારા લખાયેલી રચનાઓ સાંભળવી,  વાંચવા અને તેના પર પોતાનો અભિપ્રાય આપવો,</td></tr>
<tr><td>G302 વિવિધ સંકેતોને શબ્દો/ વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે.</td></tr>
<tr><td>G303 કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે.<br>• કથનાત્મક/વર્ણનાત્મક લખાણમાંથી વિગતો શોધી શકે છે.<br>• વર્ણનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>• વર્ણનાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.<br>• કથનાત્મક/વર્ણનાત્મક લખાણના આધારે સર્જન કરી શકે છે.</td></tr>
<tr><td>G304 કાવ્યાત્મક લખાણમાંથી શ્રવણ/અર્થગ્રહણ કરે છે. સાહિત્યિક લખાણ સાંભળીને સમજી શકે છે.<br>• કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>• કાવ્યાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.</td></tr>
</table>

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| • કાવ્યાત્મક લખાણના આધારે સર્જન કરે છે. | તેમાં પોતાની વાત ઉમેરવી, વધારવી અને અલગ અલગ રીતે લખવાની તકો પ્રાપ્ત થાય. |
| G304 **વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે.**<br>• વર્ણનાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>• વર્ણનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>• વર્ણનાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.<br>• વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરી શકે છે.<br>• વર્ણનાત્મક લખાણને આધારે સર્જન કરે છે. | |
| G305 **માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે.**<br>• માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.<br>• માહિતીલક્ષી લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>• માહિતીલક્ષી લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે છે.<br>• માહિતીલક્ષી લખાણનું વિશ્લેષણ કરે છે | |
| G306 **કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.**<br>• કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે છે.<br>• કાવ્યાત્મક લખાણની વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>• કાવ્યાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>• કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરી શકે છે.<br>• કાવ્યાત્મક લખાણના આધારે સર્જન કરે છે. | |
| G307 **પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરે છે.**<br>• પ્રકીર્ણ લખાણમાંથી વિગતો શોધે છે.<br>• પ્રકીર્ણ લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.<br>• પ્રકીર્ણ લખાણની વિગતોનો ઉપયોગ કરે છે.<br>• પ્રકીર્ણ લખાણનું વિશ્લેષણ કરે છે. | |
| G308 **મૌખિક અભિવ્યક્તિ વિવિધ રીતે કરી શકે છે.** | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| • પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.<br>• આરોહ-અવરોહ સાથે / અભિનય સાથે વાર્તા રજૂ કરે છે.<br>• વાર્તા પરથી નાટ્યીકરણ કરે છે.<br>• દૃશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે છે.<br>• પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે. | |
| **G309 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.**<br>• પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.<br>• આરોહ-અવરોહ સાથે / અભિનય સાથે વાર્તા રજૂ કરે છે.<br>• વાર્તા પરથી નાટ્યીકરણ કરે છે.<br>• દૃશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે છે.<br>• પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે. | |
| **G310 દૃશ્યાત્મક અભિવ્યક્તિ કુશળતાથી કરી શકે છે.**<br>• સાંભળેલી વિગતોને દૃશ્યાત્મક રીતે રજૂ કરે છે.<br>• વાંચેલી વિગતોને દૃશ્યાત્મક રીતે રજૂ કરે છે. | |
| **G311 ભાષા સજ્જતા અથવ તો વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો-સમજતો થાય છે. તથા તેનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.**<br>• નામને બદલે સર્વનામનો ઉપયોગ કરે છે.<br>• વચન ઓળખે છે., પરિવર્તન કરે છે. અને તેનો યથોચિત ઉપયોગ કરે છે.<br>• વિશેષણ ઓળખે છે. અને તેનો ઉપયોગ કરે છે.<br>• ક્રિયાનું ભૂતકાળનું સ્વરૂપ ઓળખે છે. અને એનો ઉપયોગ કરે છે.<br>• આજ્ઞા, વિનંતી અને સૂચનાના ભાષાપ્રયોગ ઓળખે અને તેનો ઉપયોગ કરે છે.<br>• સ્થળ/સમયવાચક અવ્યય જેવા કે વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલાને ઓળખે છે. અને તેમનો ઉપયોગ કરે છે.<br>• પુનરાવર્તિત પ્રયોગ (દા.ત રમતાં-રમતાં) ઓળખે અને ઉપયોગ કરે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| • સંયોજકો (અને, કે, એટલે, તેમ છતાં, તોય) ઓળખે અને ઉપયોગ કરે છે. | |
| G312 **પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.**<br>• પરિચિત શબ્દો શોધી શકે છે.<br>• સમાનાર્થી શબ્દો શોધી શકે છે.<br>• વિરુદ્ધાર્થી શબ્દ ઓળખે છે.<br>• આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે. | |
| G313 **શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.**<br>• શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે છે.<br>• નવા શબ્દો શોધે છે.<br>• નવા શબ્દોના અર્થની ધારણા કરે છે.<br>• શબ્દના અર્થ તારવે છે. | |
| G314 **ભાવાત્મક સમાવેશન કરે છે.**<br>• ભાવાત્મક સંકેતોને ઓળખાવે છે.<br>• ભાવાત્મક પ્રતિભાવ આપે છે.<br>• ભાવાત્મક વલણ દર્શાવે છે. | |

DRAFT